# 69

અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવાનું આયોજન

***15/3/183** : શ્રી રમેશભાઈ મિસ્ત્રી (ભરૂચ): માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવાનું કોઈ આયોજન છે કે કેમ, | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો ઉક્ત હવાઈપટ્ટી વિકસાવવાથી શાં લાભ થશે, | (૨) | અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવાથી, અંકલેશ્વર નજીક આવેલ દહેજ અને ભરૂચ ખાતે સ્થિત ઔદ્યોગિક એકમો સંબંધી ઔદ્યોગિક સેવાઓને વેગ મળશે તેમજ પર્યટન અને મુસાફરી સેવાઓને વધુ એર–કનેક્ટીવીટીનો લાભ મળશે સાથે આસપાસના લોકોને નવી રોજગારીની તકો મળશે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ અંકલેશ્વર હવાઈપટ્ટીની શું સ્થિતિ છે, અને | (૩) | ઉક્ત સ્થિતિએ અંકલેશ્વર ખાતે હવાઇપટ્ટી વિકસાવવા રન–વે, એપ્રોન, ટેક્સી–વે બાંધકામનું કાર્ય હાલ પ્રગતિ હેઠળ છે. |
| (૪) | ભવિષ્યમાં ઉક્ત હવાઈપટ્ટી ખાતે ક્યા પ્રકારની સુવિધાઓ વિકસાવવાનું આયોજન છે**?** | (૪) | ભવિષ્યમાં અંકલેશ્વર હવાઇપટ્ટી ખાતે ફ્લાઇંગ ટ્રેનીંગ સ્કુલ, એ.ટી.સી કન્ટ્રોલ ટાવર, પેસેન્જર ટર્મીનલ બિલ્ડીંગ, એમ.આર.ઓ. (મેઇન્ટેનન્સ, રીપેર એન્ડ ઓવરહોલ), કાર્ગો હેંગર વગેરે જેવી આધુનિક સુવિધાઓ ધરાવતુ એરપોર્ટ વિકસાવવાનું આયોજન છે. |

---